**<u>ફોજદારી પરચુરણ અરજી નં.૧૯૦/૨૦૨૬</u>**

<u>ફોજદારી કેસ નં.૪૩૬૨/૨૦૨૫ (જૂનાગઢ બી–ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૦૩૦૨૪૨૫૦૫૪૯/૨૦૨૫) ના કામે **આરોપી નિરવભાઈ સુધિરભાઈ ટીલવા**, રહે. નવાગામ, તા. વંથલી, જિ. જૂનાગઢ વાળાની જામીન અરજી લગત હુકમ.</u>

(૧) જામીન અરજી તેમજ એફ.આઈ.આર. વંચાણે લીધી. આરોપીના વિ.વકીલશ્રીને સાંભળ્યા.

(૨) આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૩૧(૩), ૩૦૫ મુજબના ગુનાનો આક્ષેપ છે, તે ગુનામાં જામીન મુકત થવા આરોપી તરફથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૦ મુજબ હાલની અરજી આપવામાં આવેલ છે.

(૩) આરોપી તરફથી એવી રજુઆત કરવામાં આવેલી છે કે, આરોપીને તા.૨૩/૦૭/૨૦૨૫ ના રોજ અટક કરેલ છે અને જયુડીશ્યલ કસ્ટડીમાં છે. આરોપીએ જામીન પર મુકત થવા ફો.પ.અ.નં.૧૩૦૯/૨૦૨૫ દાખલ કરેલ, જે નામદાર કોર્ટે રદ થયેલ. ત્યારબાદ ચાર્જશીટ થતા ફરી જામીન અરજી કરેલ, જે અરજી ગુણદોષના આધારે નામદાર કોર્ટે રદ કરેલ જેથી સેશન્સ કોર્ટમાં ફો.પ.અ.નં.૭૭૩/૨૦૨૫ દાખલ કરેલ, જે જામીન રજી નામદાર સેશન્સ કોર્ટે રદ કરેલ. હાલ ટ્રાયલ ચાલુ છે અને છેલ્લા બે મહિના ઉપરાંતથી કોઈ સાહેદ તપાસાયેલા ન હોય અને ટ્રાયલ પેન્ડીંગ રહેતી હોય હાલની અરજી દાખલ કરવાની ફરજ પડેલ છે. આ કામ ચલાવવાની નામદાર કોર્ટને સત્તા છે. ફરિયાદીની ફરિયાદમાં આરોપીનું કયાંય નામ નથી તેમજ તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ આવો કોઈ કહેવાતો ગુનો કરેલ નથી. પોલીસે ખોટી રીતે સંડોવી દીધેલ છે. ચાર્જશીટ થયા બાદ સંજોગોમાં ફેરફાર થયેલ હોય અને કોર્ટમાં પંચોની જુબાની થઈ ગયેલ હોય અને પંચો રૂબરૂ આરોપી પાસેથી કોઈ મુદામાલ કબજે.

કરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો આવેલ ન હોય અને હાલ કેસના સંજોગો બદલાયેલા હોય તેમજ કેસની ટ્રાયલમાં કોઈ પંચો, સાહેદો કે સાક્ષીીને તપાસવાના બાકી નથી. કેસ ફકત એફ.એસ.એલ. અધિકારીના રીપોર્ટ આવવા ઉપર હોય તેમજ એક સાક્ષી તપાસવાના બાકી હોય અને તે લાંબા સમયથી પેન્ડીંગ હોય પ્રિટ્રાયલ કન્વીકશન જેવી સ્થિતિ નિર્માણ થાય તેમ હોય તેમજ આરોપી જૂનાગઢ જિલ્લાના રહીશ છે અને નાશી ભાગી જાય તેમ નથી, ટ્રાયલ દરમિયાન નિયમિત હાજર રહેશે તેમજ કામ ચાલતા લાંબો સમય લાગે તેમ હોય, કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા, જામીન આપવા તૈયાર છે. જેથી જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલી છે.

(૪) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તરફથી સખત વાંધો લઈ ગુનાની ગંભીરતા ધ્યાને લઈ જામીન ઉપર મુકત નહીં કરવા જણાવેલ છે.

(૫) બંને પક્ષની રજુઆત તેમજ એફ.આઈ.આર. ધ્યાને લેતાં હાલના આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૩૧(૩), ૩૦૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. આ કામે કેસ પેપર્સ ધ્યાનમાં લઈએ તો, આ કામના આરોપીએ જૂનાગઢ ખાતેની બીજી અધિક સિવિલ જજશ્રીની કોર્ટમાં પ્રવેશ કરી કોર્ટના બોર્ડ રૂમમાં દિવાલ પર લગાડેલ ડીસ્પ્લે વી.યુ. કંપનીના ૪૩ ઈંચના એલ.સી.ડી. સ્ક્રીન કિંમત આશરે રૂ.૨૫,૦૦૦/– ની ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનાની સજાની જોગવાઈ જોતા તે મહતમ સાત વર્ષની સજાની જોગવાઈ છે. સામાન્ય રીતે ફોજદારી કેસના આરોપીને જામીન ઉપર મુકત કરવાનો નિર્ણય દરેક અદાલતે તેઓને આપવામાં આવેલ મુનસફીની સત્તાનો ઉપયોગ કરી કરવાનો હોય છે અને તે મુનસફીની સત્તાનો ઉપયોગ દરેક અદાલતે નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત કરેલા ન્યાયિક સિધ્ધાંતો ધ્યાનમાં લઈને કરવાનો હોય છે. આરોપી સામે તેના ગુના સબબ પ્રથમ દર્શનીય કેસ હોવા છતાં પણ કેસ જો આરોપીની હાજરી ટ્રાયલ દરમ્યાન સહેલાઈથી

ઉપલબ્ધ થઈ શકે તેમ હોય અને આરોપી પુરાવા સાથે ચેડા કરી શકે તેમ ન હોય અને આરોપીના લાભમાં અન્ય સંજોગો અસ્તિત્વમાં હોય તો તેવા સંજોગોમાં તેને જામીન ઉપર મુકત કરવો જોઈએ. જે સિધ્ધાંતને ધ્યાને રાખી હાલના કેસને ધ્યાને લઈએ તો આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનાની સજાની જોગવાઈ લક્ષમાં લેતાં આ અદાલતને આરોપીને જામીન મુકત કરવાની વિવેકબુધ્ધિની સત્તા છે. સદર કામે આરોપી વિરૂધ્ધના ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો આરોપી વિરૂધ્ધના ગુનાની સજાની જોગવાઈ આજીવન કેદ કે દેહાંત દંડને પાત્ર નથી. આરોપી તરફે એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે ચાર્જશીટ થઈ ગયેલ છે તેથી જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે. એ હકીકત છે કે, આરોપી ધ્વારા અગાઉ કરવામાં આવેલ જામીન અરજી નામંજુર કરવામાં આવેલ હતી અને આ કામે તપાસ પૂર્ણ થઈ જતા ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર એકવાર જામીન અરજી રદ થઈ ગયા બાદ બીજી વાર તે જ આરોપી વતી જામીન અરજી રજુ કરવા સબબ કોઈ કાયદેસર પ્રતિબંધ નથી, પરંતુ જયારે એક વખત જામીન અરજી રદ થયેલ હોય અને ઉતરોતર જામીન અરજી રજુ થતી હોય ત્યારે આરોપીએ બદલાયેલા સંજોગો દર્શાવવા જરૂરી છે. અત્રે એ હકીકત નોંધવી ખુબ જ જરૂરી છે કે, માત્ર ચાર્જશીટ દાખલ થઈ ગયેલ હોય અને તપાસ પૂર્ણ થઈ ગયેલ હોય તેને બદલાયેલા સંજોગો કહી શકાય નહીં તેમજ આવી ઉતરોતર જામીન અરજીનો નિર્ણય કરતી વખતે લક્ષમાં લેવા જરૂરી પ્રસ્થાપિત સિધ્ધાંત ને ધ્યાને લઈએ તો, તે નીચે મુજબ છે.

**The three Judge Bench of the Apex Court in *Kalyan Chandra Sarkar v. Pappu Yadav* [(2005 (2) KLT SN 4 (C.No. 3) SC =AIR 2005 SC 921] considered the legality and propriety of successive bail applications. It was held in paragraph 20 thus:**

***"Even though there is room for filing a subsequent bail application in cases where earlier applications have been rejected, the same can be done if there is a change in the fact situation or in law which requires the earlier view being***

***interfered with or where the finding has become obsolete. This is the limited area in which an accused who has been denied bail earlier, can move a subsequent application."* Thus, even though there is no absolute embargo in filing the subsequent application for bail, it can be entertained only if there is a substantial change in the facts and circumstances of the case, which requires the earlier view be interfered with or where, the earlier finding has become obsolete. Ordinarily, the grounds canvassed in the earlier application cannot be permitted to be reurged in the subsequent application. Nor could the accused in the subsequent application contend that the Court, while considering the earlier bail application, failed to advert to any fact or material on record. A fact which was not in existence at the time of considering the earlier bail application but came into existence subsequently alone could be considered a change in facts and circumstances.**

(૬) ઉપરોકત સિધ્ધાંતને ધ્યાનમાં રાખી હાલના કેસમાં આરોપીના વિ.વકીલશ્રી તરફે બદલાયેલ સંજોગો દર્શાવેલ છે કે કેમ ? તે જોવું જરૂરી બની રહે છે. હાલના કેસમાં આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ થયા બાદ મહત્વના તમામ સાક્ષીઓની જુબાની રેકર્ડ થઈ ગયેલ છે અને ફકત તપાસનીશ અધિકારીની ઉલટતપાસના તબકકે કામ મુલત્વી રહેલ છે તેથી ફરિયાદ પક્ષના સાહેદોને ફોડવા કે પુરાવા સાથે ચેડા થવાની શકયતા જણાતી નથી. વધુમાં તપાસનીશ અધિકારી ધ્વારા તપાસના કામે કબજે કરવામાં આવેલ પેન ડ્રાઈવની એફ.એસ.એલ. તપાસણી કરવા વધુ તપાસ મળવાની અરજી રજુ રાખેલ છે. તેથી ફરિયાદ પક્ષ ધ્વારા જે તે સમયે પેન ડ્રાઈવ એફ.એસ.એલ.માં મોકલી અભિપ્રાય મેળવેલ નથી અને લાંબા સમય બાદ તપાસમાં રહેલી ખામી પૂર્ણ કરવા અરજી આપવામાં આવેલ છે ત્યારે ટ્રાયલ ચાલતા હજુ સમય લાગે તેમ હોવાની શકયતા ધ્યાને લેતા, સાથો સાથ આરોપી સામેના ગુનાના આક્ષેપો, સજાની જોગવાઈ, આરોપીની આર્થિક, સામાજીક સ્થિતિ તેમજ કેસના સંજોગો જોતાં ટ્રાયલ દરમ્યાન આરોપી હાજર રહે અને ટ્રાયલ વિલંબમાં ન પડે તે સંજોગો ધ્યાને રાખી યોગ્ય રકમના જામીન લઈ યોગ્ય શરતો સાથે જામીન મુકત કરવાનું વ્યાજબી જણાતું હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

આરોપી **નિરવ સુધિરભાઈ ટીલવા,** રહે. નવાગામ, તા. વંથલી, જિ. જૂનાગઢ નાઓએ **રૂા.૧૫,૦૦૦/–** (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન અને તેટલી જ રકમનો જાત– મુચરકો આપ્યેથી હાલના ગુનામાં નીચેની શરતોએ જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શ ર તો ::–</u>**

(૧) આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવા કે સાહેદો સાથે ચેડાં કરવા નહી કે સાહેદોને ફોડવાનો કોઈ પ્રયત્ન કરવો નહી.

(૨) આરોપીએ હવે પછી કોઈ પણ ગુનાહિત પ્રવૃતિ કરવી નહી.

(૩) આરોપીએ તથા જામીનદારે પોતાના હાલના સરનામા અત્રેની કોર્ટને તથા સંબંધિત પોલીસ સ્ટેશનને પુરસીસથી જાહેર કરવા અને તે સરનામામાં ફેરફાર થાય તો તેની અત્રેની કોર્ટને જાણ કરવી.

(૪) આરોપીએ તમામ શરતોનું ચૂસ્તપણે પાલન કરવું. આરોપી કોઈપણ શરતનો ભંગ કરશે તો આરોપીના જામીન આપો આપ રદ થયેલ ગણાશે.

આ હુકમથી નકલ જે તે પોલીસ સ્ટેશનને મોકલી આપવી.

આ હુકમ આજ તારીખ **<u>છઠ્ઠી</u>** માહે **<u>માર્ચ</u>,** સને **<u>૨૦૨૬</u>** ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ,
તારીખ : ૨૬/૦૩/૨૦૨૬.

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ. (GJ-00862)